**ક્રમાંક-૯**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨ અને ૧૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ-૨, ૩, ૧૦ અને ૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪ થી ૨૮૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) **" એક નવી પહેલ" પુસ્તિકાના પ્રકાશન બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૯-૧૨-૨૦૧૮ના રોજ ૧૪મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ વિધાનસભા સચિવાલયના સંચાલનની કાર્યવાહી, વિધાનસભા સચિવાલયના અધિકારી, કર્મચારીઓ માટે કેટલાક વહીવટી નિર્ણયો અંગેની એક પુસ્તિકા " એક નવી પહેલ" ગણેશ વાસુદેવ માવલંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. જેનાથી વિધાનસભા સચિવાલયની કામગીરીનું સુચારુ સંચાલન વધુ સુદ્દઢ થશે તે અંગેની જાહેરાત કરી.

(૨) **માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**
**ગૃહની ગરિમાને અનુરૂપ વસ્ત્રો પહેરવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને અગાઉ ટી-શર્ટ જેવો પહેરવેશ ન પહેરવા જણાવેલ હતું. સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાને અગાઉ પણ ટી-શર્ટ પહેરીને સભાગૃહમાં ન આવવા જણાવેલ હોવા છતાં આજે તેઓ ટી-શર્ટ પહેરીને આવેલ હોવાથી, તેમને તે ડ્રેસ બદલીને સભાગૃહમાં આવવા આદેશ આપવા છતાં, તેઓએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશની અવગણના કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટ દ્વારા તેમને સભાગૃહની બહાર લઇ જવાનો આદેશ કર્યો. રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભાગૃહનું ગૌરવ જળવાય તેવો પોષાક પહેરવો જોઇએ તેમ જણાવ્યું. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે અને વિપક્ષના નેતાશ્રી માનનીય પરેશભાઇ ધાનાણીએ આ બાબતે રજૂઆત કરતાં, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સભાગૃહનું ગૌરવ જળવાય અને માનનીય અધ્યક્ષશ્રીના આદેશનું પાલન કરવાની સભાગૃહના તમામ સભ્યશ્રીઓની ફરજ છે તેમ જણાવ્યું.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**બનાસકાંઠા જલ્લામાં ધરોઇની પાણી પુરવઠાની પાઇપ લાઇન તૂટતાં સ્થાનિકોને પીવાનું પાણી ન મળવા બાબત.**

સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ નિયમ-૧૧૬ અન્વયે "તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ખરોડીયા નજીક ધરોઇની પાણી પુરવઠાની પાઇપ લાઇન તૂટતાં લાખો લિટર પાણી વેડફાઇ રહ્યું છે અને બીજી બાજુ સ્થાનિકોને પીવાનું પાણી ન મળતાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા"અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. સરકારી વિધેયકો**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ (પૂરક) વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૧ના વર્ષના અંદાજપત્ર પરની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી, (પૂરક) વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે બે સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને પાંચ–પાંચ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર (૨) શ્રી પુંજાભાઇ વંશ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૧૦–૦૩–૨૦૨૧ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી (૨) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૩) શ્રી રાકેશભાઇ શાહ | (૧૦) શ્રી જે.ડી.કાકડીયા |
| (૪) ડો.સી.જે.ચાવડા | (૧૧) શ્રી બાબુભાઇ વાજા |
| (૫) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા | (૧૨) શ્રીમતી ગીતાબા જાડેજા |
| (૬) ડો. અનિલ જોષીયારા | (૧૩) શ્રી શૈલેષભાઇ મહેતા |
| (૭) શ્રી શંભુજી ઠાકોર | (૧૪) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| (૮) શ્રી વિરજીભાઇ ઠુમ્મર | (૧૫) શ્રી જગદીશભાઇ પટેલ |
| (૯) શ્રીમતી માલતીબેન મહેશ્વરી | (૧૬) શ્રી સૌરભભાઇ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) |

**સભાગૃહ, મંગળવાર તા.૧૬મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૫મી માર્ચ, ૨૦૨૧**